# આત્મહત્યા કરવા મજબુર કરવાના ગુન્હામાં નાસતા ફરતા વધુ એક આરોપીને ઝડપી પાડતી કાપોદ્રા પોલીસ

પોલીસ કમિશનર સાહેબ શ્રી, તથા સંયુક્ત પોલીસ કમિશનર સાહેબ શ્રી, સેકટર-૦૧ તથા મે. નાયબ પોલીસ કમિશનર સાહેબ શ્રી ઝોન-૧, તથા મે. મદદનીશ પોલીસ કમિશનર સાહેબ શ્રી "એ" ડીવીઝન સુરત શહેર નાઓએ ચાલુ તપાસના નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા માટે સુચનાઓ આપેલ.

જે અન્વયે પોલીસ ઇન્સ્પેકટર નાઓની સુચના અને માર્ગદર્શન હેઠળ અત્રેના પાર્ટ એ. ગુ.ર.નં -૧૧૨૧૦૦૨૨૨૨૧૪૯૮/૨૦૨૨ ઇ.પી.કો કલમ,૩૦૬,૧૧૪ મુજબ ગુન્હો દાખલ થયેલ હોય જેની તપાસ ચોકી પો.સ.ઇ નાઓ કરતા હોય જે ગુનાની ગંભીરતા સમજી સર્વેલન્સના સ્ટાફના પો.સબ.ઇન્સ નાઓ સર્વલન્સ સ્ટાફના માણસો સાથે સદરહુ ગુનાના કામે આરોપીઓને શોધી કાઢવા હર્યુમન સોર્સ તથા ટેકનીકલ વર્ક આઉટ કરતા ટેકનીકલ સર્વેલન્સ આધારે આરોપી સુરત ખાતે જ છુપાયેલ હોય તેવી હકિકત જણાઇ આવતા સર્વેલન્સ સ્ટાફ નાઓએ તેઓના અંગત અને ખાનગી બાતમીદારો મારફતે મેળવેલ સયુંકત બાતમી હકિકત અધારે આરોપી નામે પ્રદિપભાઇ જેરામભાઇ ડાભી ઉ.વ ૩૦ ધંધોઃ- સેલ્સમેન રહે. રિધ્ધી સિધ્ધ રેસીડનસી કામરેજ સુરત નાને પકડી પાડી તેના વિરૂધ્ધમાં આગળની કાયદેસરની કાર્યવાહી કરવા તજવીશ હાથ ધરેલ છે.

ગુન્હાની વિગત-કાપોદ્રા પો.સ્ટે. પાર્ટ એ. ગુ.ર.નં -૧૧૨૧૦૦૨૨૨૨૧૪૯૮/૨૦૨૨ ઇ.પી.કો કલમ,૩૦૬,૧૧૪ મુજબ